## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મને મારા વતન કેરી પલેપલ યાદ આવે છે
ક્ષણેક્ષણ એ કણેકણનો હૃદયને સાદ આવે છે.
સ્વજન સંબંધીઓ સર્વે અને વગડા અને વાડી
સ્મરણમાં એ બધાં આજે હજી આબાદ આવે છે.
- મીનપિયાસી.

### પાથેય

- રમેશ ઠક્કર

## વતન ઝૂરાપો...

સીદીભાઈને સીદકાં વ્હાલાં એમ જ લેખકને પોતાની જનમ ભોમકા વ્હાલી હોય છે..'અલગારી રખડપટ્ટી' નામની પ્રવાસકથા રસિક ઝવેરીએ લખી છે...લેખક સાઈઠના દાયકામાં યુરોપના પ્રવાસે જાય છે..એકાકીપણું અનુભવે છે.. અદ્ભુત પ્રસંગો આલેખે છે...પોતે સૌરાષ્ટ્રના હતા અને યુરોપમાં એક જગ્યાએ કાઠિયાવાડી પોશાકમાં એમના વતનનો એક માણસ મળી જાય છે. લેખક અવર્ણનીય આનંદ અનુભવે છે..એમના મુખમાંથી શબ્દો ઝરે છે..'ખરેખર જલમ ભોમકા ઈ જલમ ભોમકા..!'

આમ તો માણસમાત્રને પોતાના બાપદાદાના ગામ કે પોતાનું જન્મસ્થળ સહજ ગમતું હોય છે.એને નાભિનાળનો સંબંધ કહેવાય...આપણી ભાષાના અનોખા કવિ એટલે ઉશનસ્..એમણે એમના શૈશવની સ્મૃતિઓની કથા લખી છે 'સદમાતાનો ખાંચો'..એ નામ એમના સાવલી ગામમાં આવેલા ઘરનું છે..એ પુસ્તક લાગણીસભર પદાવલિઓનો સંપુટ છે..'કોલક' નામના ગુજરાતી નવલકથાકાર હતા..કોલક એ વલસાડ પાસે આવેલું એમનું ગામ હતું..પોતાના ગામને ઉપનામ રાખનાર આ લેખક આપણી ભાષામાં એકમેવ હશે !

પોતાના નામની પાછળ અટક તરીકે ગામ કે નગરનાં નામ રાખનારા અનેક કવિ લેખકો આપણી ભાષામાં છે..એ મુળ ઉર્દૂ સર્જકોની પરંપરા છે..આપણે ત્યાં પાલનપુરી શાયરોની ભવ્ય પરંપરા છે..અમારૂં રાધનપુર પણ પાલનપુર જેવી જ સંસ્કૃતિ ધરાવે છે પણ કોઈ રાધનપુરી સર્જક હજુ સુધી ચમકયો નથી..! એ પ્રદેશ વઢિયાર કહેવાય છે..'લ્યો પરો..જયો પરો..' કે 'આવો રા...' જેવી આત્મીય બોલી ધરાવતા એ મલકમાં હવે નવી પેઢીમાં વઢિયારી ઉપનામધારી સર્જકોનો ઉદય થઈ રહ્યો છે..!

આપણે ત્યાં ઘણાં નગર કે ગામ એના સર્જકો થકી જાણીતાં છે..પન્નાલાલ પટેલનું ગામ માંડલી મેઘરજ પાસે રાજસ્થાનની સીમમાં સીમલવાડા પ્રદેશમાં છે..લેખકે ત્યાં ખેતરમાં માળા ઉપર બેસી 'માનવીની ભવાઈ' જેવી યુગ પ્રવર્તક નવલકથા લખી હતી.. એ ખેતરમાં એકાદ કલાક રખડપટ્ટી મેં કરેલી છે..ઈડર પાસે ઉમાશંકર જોશીનું ગામ બામણા આવેલું છે..લાભશંકર ઠાકર લા.ઠા.નું પાટડીનું ઘર પણ મને ભાવુક કરી ગયેલું..રઘુવીર ચૌધરીનું ગામ બાપુપુરા માણસા તાલુકાના મામલતદાર તરીકે જોયેલું ! ચંદ્રકાંત બક્ષી પાલનપુરના..એમના ગુરૂ 'શૂન્ય' પાલનપુરીએ પણ પાલનપુરનું નામ રોશન કર્યું છે.

ઝવેરચંદ મેઘાણી પોતાને 'પ્હાડનું બાળક' ગણે છે એ એમની જન્મભૂમિ એટલે ચોટીલા..જલારામ બાપાનું વિરપુર એ વાર્તાકાર 'ધૂમકેતુ'નું વતન છે..રજનીકુમાર પંડયા બાજુમાં જ આવેલા જેતપુર ગામના વતની છે. એમનાં આત્મકથનાત્મક લખાણોમાં એમનો વતનઝૂરાપો વારંવાર ડોકાય છે..

લેખક કે કવિ ઝંખે છે પોતાના શૈશવને અને શબ્દોમાં એને

અનુસંધાન પાના નં. ૭ પર

# વિપક્ષની એકતા માટે આશીર્વાદરુપ

રાજીવ ગાંધી અને પંડિત જવાહર લાલ નહેરુની પુણ્યતિથિઓ વચ્ચે કોંગ્રેસને એક દિગ્ગજ નેતાએ રામ રામ કરી દીધા છે. નાના મોટા હાર્દિક ટાઈપ નેતાઓ કોંગ્રેસ છોડી જાય કે ખેડબ્રહ્માના ચાલુ કોંગ્રેસી ધારાસભ્ય કેસરિયો ખેસ પહેલી લે એની સાથે કપિલ સિબ્બલની કોંગ્રેસ છોડી દેવી ઘટનાને કયારેક સરખાવી ન શકાય. કપિલ સિબ્બલે પાર્ટીની અંદર પાયાની સુધારો કરવાની વાત ઉઠાવી ત્યારે એમને ભાજપની ભાષા બોલતાં હોવાનાં મેણાં ટોણાં સાંભળવા પડેલાં. એમની સાથે જી-૨૩ મંડળીના બીજા કેટલાક સભ્યો સમય જતાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની સોડમાં ભરાઈ ગયા પરંતુ આ સ્પષ્ટવક્તા એડવોકેટ એમના મંતવ્યને વળગી રહ્યા. એમની માગણી હતી. 'વિઝિબલ લીડરશીપ'ની - લોકોને દેખાય કે આ છે કોંગ્રેસનો રાષ્ટ્રનાયક, જે ભવિષ્યની ચૂંટણી જીતને દેશનું સુકાન સંભાળી શકે એમ છે. એ માટે તેઓ ગાંધી પરિવારને બાદ કરીને કોઈ સિનિયર કોંગ્રેસી નેતાનું નામ આગળ ધરવામાં આવે એવું ઈચ્છતા હતા. પરિવાર પૂરતી સમેટાઈ ગયેલી લીડરશીપ દેશની પ્રજાને સ્વીકાર્ય નથી - તેવું કહેવાની હિંમત કરનાર કપિલ સિબ્બલને એ પણ ખબર હતી કે એમને બળવાખોર ગણી કદાચ પાર્ટીની બહાર કરી દેવાશે. જો કે એવી બીક રાખ્યા વગર તેઓ પોતાની દૂંટીની વાત જાહેર કરતા રહ્યા અને સોનિયા - રાહુલની આંખમાંથી સદંતર ઊતરી ગયા.

**તંત્રીસ્થાનેથી...**

નેશનલ હેરાલ્ડ કેસમાં જામીન ઉપર રહેલા કોંગ્રેસના સર્વોચ્ચ પરિવાર માટે કપિલ સિબ્બલ વિરુદ્ધ આકરાં પગલાં ભરવાનું કામ અઘરું હતું. સિબ્બલ જ એમનો કેસ લડી રહ્યા છે. બલકે કોંગ્રેસની સામે જયારે પણ કોઈ અદાલતી મુસીબત ઊભી થઈ છે ત્યારે સુપ્રીમ કોર્ટમાં સોલિસિટર જનરલ રહી ચૂકેલા આ કુશાગ્ર બુદ્ધિ ધરાવતા અને અકાટ્ય દલીલો કરી શકતા અધિવક્તા જ વહારે ધાયા છે. માધવસિંહ સોલંકી સામે ચાલતો 'ચિઠ્ઠી'વાળો કેસ પણ સિબ્બલ જ લડતા હતા. આખરે આવા એક અસ્કામત સમા સિનિયર નેતાએ કોંગ્રેસ છોડી છે પરંતુ બીજા કોંગ્રેસીઓની જેમ નહીં. એમને પાર્ટી છોડી છે છતાં બિનસાંપ્રદાયિક વિચારધારાનું સમર્થન કરતી પ્રાદેશિક પાર્ટીના જ ટેકાથી રાજયસભામાં પ્રવેશવાનું પસંદ કર્યું છે. સમાજવાદી પાર્ટી માટે સિબ્બલ એક અસ્કામત બની રહેશે એમાં શંકાને સ્થાન નથી. રામગોપાલ યાદવ, આઝમખાન અને અખિલેશ યાદવની ત્રિપુટીએ આગામી લોકસભાની ચૂંટણી પૂર્વે પાર્ટી પર લાગેલ 'પરિવાર'ની બ્રાન્ડને ભૂંસવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે. સિબ્બલને લાલુ યાદવની રાજય પણ રાજયસભામાં મોકલવા તૈયાર હતી. ઝારખંડ મુક્તિ મોરચા તરફથી પણ એમને આવી જ ઓફર મળી હતી. પરંતુ લાલુ યાદવ કે ઝામુમોના નેતાઓની ખરડાયેલી ઈમેજ હેઠળ રાજયસભામાં પ્રવેશવું એ કરતાં આશાસ્પદ યુવા નેતા અખિલેશ યાદવના નેતૃત્વ વાળી અને મૂળે તો જયપ્રકાશ નારાયણ, રામ મનોહર લોહિયા અને આચાર્ય નરેન્દ્ર દવે જેવા અઠંગ સમાજવાદી વિચારધારાને વરેલ પૂર્વ સૂરિઓના પગલે ચાલતી ઉત્તરપ્રદેશ જેવા મહત્ત્વના રાજયમાં વર્ચત્વ ધરાવનાર પાર્ટીનું સમર્થન મેળવી રાજયસભાનું સભ્યપદ જાળવવું સિબ્બલને વધારે ઉચિત જણાયું છે. સિબ્બલ હવે રાજયસભામાં ઉત્તરપ્રદેશનો અવાજ બની રહેશે અને મોદી-યોગીના ભગવા રાજકારણ સામે બુલંદ વિરોધ નોંધાવતા રહેશે. વળી અન્ય પ્રાદેશિક નેતાઓ અને પાર્ટીઓને ભાજપ વિરુદ્ધ એક મંચ પર આણી આગામી લોકસભાની ચૂંટણી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સામે પડકાર ઊભો કરવામાં પણ એમની મહત્ત્વની ભૂમિકા રહેશે. સમાજવાદી પાર્ટીમાં અખિલેસ યાદવ, આઝમ ખાન અને શિવપાલ યાદવ વચ્ચે પડેલી ખાઈ પૂરવા પણ તેઓ ખપ લાગસે. એમણે કોંગ્રેસ છોડ્યા પછી કોંગ્રેસની નેતાગીરી વિરુદ્ધ કશું જ નહીં બોલીને એક વરિષ્ઠ રાષ્ટ્રીય નેતાને છાજે તેવી ગરિમા જાળવી છે.

### દિન મહિમા

- રવિ શાસ્ત્રી જન્મદિવસ, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર.
- રમાબાઈ આંબેડકરની પુણ્યતિથિ, બી.આર. આંબેડકરના પત્ની.
- જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ, પ્રથમ વડાપ્રધાન.

### આજનું ઔષધ

- ફુદીનાનો રસ દાદર પર ચોપડવાથી ફાયદો થાય છે.

### ખડખડાટ

- મોબાઈલ બગડી જાય તો કે છોકરાએ બગાડી નાખ્યો. છોકરો બગડી જાય તો કે મોબાઈલએ બગાડી નાખ્યો.

### આજનો વોટ્સએપ

- પ્રતિષ્ઠા વધે ને એટલે નિંદાનાં ટેક્સ તો ચૂકવવો જ પડે...! એટલે નિંદાથી ગભરાવું નહીં, નિંદા તો તમારી પ્રગતિની નિશાની છે.

# શનિ સુમિરત સુખ હોત પ્રકાશા




વૈસાખી અમાસ એટલે શનૈશ્વર જયંતી. શનિ મહારાજની ગતિ ધીમી એટલે એ શનૈશ્વર. જે રીતે 'હનુમાન ચાલીસા' છે; એની જેમ 'શનિ ચાલીસા' પણ છે.

શ્રી શનિચાલીસામાં સ્વરુપ બરોબર જળવાયું છે.
(૧) ચાલીસ ચોપાઈઓ. (૨) આરંભ પૂર્વો દોહરો




(૩) અંત પછી દોહરો (૪) છેલ્લે ફળપાઠ (૫) છેલ્લી ચોપાઈમાં રચનારનું નામ. કોઈક વાર ચાલીસામાં રચના સમયનો નિર્દેશ હોય છે, એ અહીં નથી.

(૧) કર્તાનું નામ -
કહત રામસુન્દર પ્રભુદાસા.
શનિ સુમિરત સુખ હોત પ્રકાશા. (૪૦)
(૨) આરંભ પૂર્વેનો દોહરો -
જય ગણેશ ગિરિજાસુવન, મંગલ કરણ કૃપાલ.
દીનન કે દુઃખ દૂર કરિ, કીજૈ નાથ નિહાલ.
જય જય શ્રી શનિદેવ પ્રભુ. સુનહુ વિનય મહારાજ.
કરહુ કૃપા હે રવિતનય, રાખહુ જનકી લાજ.
(૩) અંત પછીનો દોહરો -
પાઠ શનીશ્વર દેવ કો, કિયો 'ભક્ત' તૈયાર.
કરત પાઠ ચાલીસ દિન, હો ભવસાગર પાર.
(૪) આરંભ -
જયતિ જયતિ શનિદેવ દયાલા
કરત સદા ભક્ત ન પ્રતિપાલા (૧)
(૫) સ્વરુપ -
ચારિભુજા, તનુ શ્યામ વિરાજૈ.
માથે રતન મુકુટ છબિ છાજે.
પરમ વિશાળ મનોહર ભાલા.
ટેઢિ દૃષ્ટિ ભૃકુટિ વિકરાલા (૨-૩)
(૬) દશ નામો -
પિંગલ, કૃષ્ણો, છાયાનંદન.
યમ, કોણસ્થ, રૌદ્ર, દુઃખભંજન.
સૌરિ, મન્દ, શની દશ નામા
ભાનુપુત્ર પૂજહિં સબકામા (૬-૭)
(૭) એમનાં વાહનો
વાહન પ્રભુ કે સાત સુજાના.
હય, દિગ્ગજ, ગદર્ભ, મૃગ, સ્વાના,
જંબુક, સિંહ આદિ નખધારી
સો ફલ જયોતિષ કહત પુકારી (૨૭-૩૮)
(૮) એમના ચરણો -
તૈસહિ ચારિ ચરણ યહ નામા
સ્વર્ણ, લોહ ચાંદી અરુ તામા (૩૩)
(૯) ફળપાઠ -
જો યહ શનિચરિત્ર નિત ગાવૈ.
કબહું ન દશા નિકૃષ્ટ સતાવે.
અદભુત નાથ દિખાવૈં લીલા.
કરૈં શત્રુ કે નશિ બલિ ઢીલા (૩૬-૩૭)
(૧૦) વિધિ -
જો પંડિત યુગોગ્ય બુલવાઈ.
વિધિવત્ ગ્રહશાંતિ કરાઈ.
પીપલ જલ શનિ દિવસ ચઢાવત
દીપદાન દૈ બહુ સુખ પાવત.(૩૮-૩૯)

વૈશાખી અમાસે આ શ્રી શનિચાલીસાનો વિશેષ મહિમા છે.

(આધાર સ્થાન - ચાલીસા સંગ્રહ, અમદાવાદ)

# ૧૯૮૫માં સ્થપાયેલ સાર્ક સંસ્થાનું મુખ્યાલય કયાં આવેલું છે?




### આંતરરાષ્ટ્રીય સંગઠનો

૧ વિશ્વબેંકની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
**(અ) ૧૯૪૫** (બ) ૧૯૪૭
(ક) ૧૯૫૦ (ડ) ૧૯૬૦

૨ આંતરરાષ્ટ્રીય સમુદ્ર વ્યાપાર સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) જિનેવા **(બ) લંડન**
(ક) પેરિસ (ડ) મોન્ટ્રિયલ

૩ સર્વદેશીય ટપાલ સંઘનું મુખ્યાલય કયાં આવેલું છે?
**(અ) લંડન** (બ) હેગ, નેધરલેન્ડ
(ક) રોમ (ઈટલી) (ડ) મનીલા, ફિલીપીન્સ

૪ યુરોપિય સંઘનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) વેનિસ (બ) પેરિસ
(ક) રોમ **(ડ) બ્રસેલ્સ**

૫ આંતરરાષ્ટ્રીય કૃષિ વિકાસ કોષની સ્થાપના કયારે થઈ ?
(અ) ૧૯૭૦ (બ) ૧૯૭૨
**(ક) ૧૯૭૬** (ડ) ૧૯૮૦

૬ ફ્રાન્સના લિયોન્સ ખાતે નીચેનામાંથી કઈ સંસ્થાનું કાર્યાલય આવેલું છે ?
**(અ) ઈન્ટરપોલ** (બ) યુનિસેફ
(ક) યુએન (ડ) ઓપેક

૭ ૧૯૮૫ માં સ્થપાયેલ સાર્ક સંસ્થાનું મુખ્યાલય કયાં આવેલું છે.?
(અ) દિલ્હી **(બ) કાઠમંડુ**
(ક) ઢાકા (ડ) કોલંબો

૮ આંતરરાષ્ટ્રીય અદાલતનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) ટોકિયો (બ) જિનેવા
**(ક) હેગ, નેધરલેન્ડ** (ડ) જાકાર્તા

૯ આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘની સ્થાપના કયારે થઈ ?
**(અ) ૨૪ સપ્ટેમ્બર ૧૯૬૦** (બ) ૨૪ ઓકટોબર, ૧૯૪૫
(ક) ૩૦ એપ્રિલ, ૧૯૫૦ (ડ) ૧૬ સપ્ટેમ્બર, ૧૯૬૨

૧૦ બિમસ્ટેક સંગઠનમાં કુલ કેટલા દેશ છે ?
(અ) પાંચ **(બ) સાત**
(ક) નવ (ડ) અગિયાર

૧૧ પાંચ દેશોના બનેલા સંગઠન મર્કોસુરની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૯૯૦ (બ) ૧૯૯૨
**(ક) ૧૯૯૫** (ડ) ૧૯૯૭

૧૨ બેનેલેક્સ સંગઠનમાં કયા દેશનો સમાવેશ થતો નથી ?
(અ) બેલ્જિયમ (બ) નેધરલેન્ડ
(ક) લકઝમ્બર્ગ **(ડ) ફ્રાન્સ**

૧૩ ૧૯૪૫માં સ્થપાયેલ આરબ લીગનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) દુબઈ (બ) અબુધાબી
**(ક) કાહિરા** (ડ) મક્કા

૧૪ વ્યાપક પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ સંગટનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
**(અ) વિયેના** (બ) જિનેવા
(ક) પેરિસ (ડ) જાકાર્તા

૧૫ આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) રોમ **(બ) મોન્ટ્રીયલ**
(ક) વિયેના (ડ) લંડન

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૭ મે :
  - જવાહરલાલ નહેરની પુણ્યતિથિ (૧૯૬૪)
  - કેનેડિયન આઈસ હોકી પ્લેયર મૌરીચ રિચાર્ડ(રોકેટ)નું ૭૮ વર્ષે અવસાન (૨૦૦૦)
  - રશિયન લેખક એલેઝેન્ડર સોલ્ઝીનીસ્ટને સાહિત્ય નોબલ પારિતોષિક મળ્યું (૧૯૭૦)
  - ફલોરેન્સ સિટીના યુફીઝી ગેલેરી પર આતંકવાદીઓએ બોમ્બ ફેંકી નુકશાન કર્યું (૧૯૯૩)
- ૨૮ મે :
  - એમનેસ્ટી ઈન્ટરનેશન સંસ્થાની સ્થાપના (૧૯૬૧)
  - ક્રાંતિવીર વિનાયક સાવરકરનું અવસાન (૧૯૬૬)
  - બ્રિટીશ એકટર લાન ફલેમીંગનો જન્મદિવસ (૧૯૦૮)
  - પાકિસ્તાને અન્ડર ગ્રાઉન્ડ ન્યુક્લિયર ટેસ્ટ પૂરા કર્યા (૧૯૯૮)
- ૨૯ મે :
  - એડમંડ હિલેરી અને શેરફા તેનઝીંગે એવરેસ્ટ પર પ્રથમવાર પગ મૂક્યો (૧૯૫૩)
  - યુકેના પ્રેસીડેન્ટ જહોન એફ કેનેડીનો જન્મદિવસ (૧૯૧૭)
  - અમેરિકન ક્રાંતિના સાથે લીડર પેટ્રીક હેનરીનો જન્મદિવસ (૧૭૩૬)
  - કે-૮૦માં રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા સાહિત્યકાર ધીરુબહેન પટેલનો જન્મદિવસ (૧૯૨૬)
- ૩૦ મે
  - અમેરિકન કવિ કાઉન્ટી કુલેનનો જન્મદિવસ (૧૯૦૩)
  - સાહિત્યકાર સુરેશ જોષીનો જન્મદિવસ (૧૯૨૧)
  - અમેરિકાના વોશિંગ્ટન ડી.સી. ખાતે ૧૬મા પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકનના નામે લિંકન મેમોરીયલ બનાવવાનું નક્કી કર્યું (૧૯૨૨)
  - કિંગ ઓફ સ્વીંગ તરીકે જાણીતા ઝાઝ મ્યુઝીશિયન બેની ગુડમેનનો જન્મદિવસ (૧૯૦૯)
- ૩૧ મે : વિશ્વ તમાકુ વિરોધી દિવસ
  - ઈઝરાયેલે બીજા વિશ્વયુદ્ધમાં ભૂમિકા ભજવનાર એડોલ્ફ ઈયમાનને ફાંસીએ લટકાવ્યો (૧૯૬૨)
  - ક્વીન વિકટોરિયાનો જન્મદિવસ (૧૮૧૯)
  - ગુજરાતી ગઝલના પિતામહ હરજી લવજી દામાણી 'શયદા'નું નિધન (૧૯૬૨)
  - ૧૩૦૦ કિ.મી.લાબં ઓઈલ લઈ જતી ટ્રાન્સ અલાસ્કા પાઈલપાઈન પ્રોડેક્ટ પૂરો થયો (૧૯૭૭)
- ૧ જુન :
  - સીએનએન ન્યુઝ ચેનલ દ્વારા એટલાન્ટામાં ૨૪ કલાક લાઈવ ન્યુઝ બ્રોડકાસ્ટીંગની શરુઆત થઈ (૧૯૮૦)
  - અમેરિકન મશહુર એકટર મોરાગન ફ્રીમાનનો જન્મદિવસ (૧૯૩૭)
  - જાણીતા લેખક અને સામાજિક સેવિકા હેલન કેલરનું અવસાન થયું (૧૯૬૮)
  - એચ.ડી. દેવગૌડા ભારતના ૧૧માં વડાપ્રધાન બન્યા (૧૯૯૬)
- ૨ જુન
  - એલીઝાબેથ - બીજાની ૨૭ વર્ષની ઉંમરે યુનાઈટેડ કિંગડમના રાણી તરીકે તાજપોશી થઈ (૧૯૫૩)
  - માર્કોનીએ રેડીયોની પેટન્ટ મેળવી (૧૮૯૬)
  - મશહુર અમેરીકન બેઝબોળ પ્લેયર લાઉ ગેહરીંગનું ૩૭ વર્ષની વયે અથવા થયું (૧૯૭૧)
  - અમેરિકન પ્રેસીડેન્ટ ગ્રોવર સેવલેન્ડે ૨૧ વર્ષની યુવતી ફેન્સીસ ફોદસોસ સાથે લગ્ન કર્યા

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

પાટીદાર અનામત આંદોલનથી જાણીતા બનેલા કયા યુવા નેતાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યું ?

જવાબ : હાર્દિક પટેલે

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો


(૧) અરવિંદ કે લેઉઆ : સે-૨૪ (૨) જાદવ મહેશકુમાર એમ : રાયસણ (૩) ઋચિત રાવલ : સે-૭ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ (૬) ઠક્કર જીમીત બી : સે-૭ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી

### આ સપ્તાહનો સવાલ

તાજેતરમાં પંજાબના કયા કોંગ્રેસી નેતા ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# જલસો... બારોબાર : રેડ અંકલનો જોરદાર પ્લાન




કુદરતી ઠંડકમાં સૂવા જવા અગાસી ગમન માટે હજી વાર હોવાથી અમે, એ.સી.ની કૃત્રિમ ઠંડકથી ગરમીને હંફાવતા, રાત્રે જમીન - પરવારીને ટી.વી. ઉપર ન્યૂઝ જોઈ રહ્યા હતા. આસામમાં વરસાદ - પૂરની કુદરતી આપત્તિથી સર્જાયેલી તબાહીના અને અમેરિકામાં કોઈ સ્કૂલમાં ફાયરિંગની માનવ સર્જિત તબાહીના, મધ્યમ વર્ગને મારતી મોંઘવારીના અને મૌસમ વિભાગની મોનસૂન વિશેની આગાહીઓના, પર્યાવરણ અને પક્ષ પલટાના, ઠેરઠેર કૌભાંડોના અને કપાતી જતી કોંગ્રેસ પાર્ટી વિશેના સમાચારો જોઈ - સાંભળી 'કભી ખુશી, કભી ગમ' અનુભવી રહ્યા હતા ત્યાં જ અમારો મોબાઈલ રણક્યો. સ્ક્રીન ઉપર ઝળકેલું નામ જોઈ અમે ફોન ઉઠાવ્યો : 'હેલ્લો, લલિતભાઈ, જયશ્રી કૃષ્ણ....'

'લલિત નહીં, હું છું, પનુભાઈ!'

લલિતભાઈના મોબાઈલમાં લાલાકાકાનો ઘાંટો સાંભળી અમે ચમક્યા : 'અરે, લાલાકાકા તમે ? લલિતભાઈના મોબાઈલ પરથી....'

'કેમ, બીજાના ફોન પરથી બીજું કોઈ વાત ના કરી શકે એવો કાયદો છે ?' અમને અધવચ્ચે અટકાવી રેડ અંકલ તાડૂક્યા.

'અમે નહીં પણ આ તો...'

'એ તો આજે અમને લલિતભાઈના મોબાઈલ પરથી વાત કરવાનું મન થયું એટલે એમ કર્યું.... તમને વાંધો છે ?'

'હોય કાંઈ' અમે કહ્યું ને પછી મનમાં બોલ્યા : 'ને વાંધો હોય તોય તમને કયાં નડે છે...'

'હવે સાંભળો, પનુભાઈ... કાલે સવારે તૈયાર રહેજો....' આપણે સાથે એક જગ્યાએ જવાનું છે, હોં ને...' એટલું કહી, ફટ દઈને અંકલે મોબાઈલ ઓલવી નાખ્યો.

લાલાકાકાનો આવો અણધાર્યો 'જાસા સંદેશો' સાંભળી અમને પહેલાના જમાનાના બહારવટિયાઓની યાદ આવી ગઈ.... ત્યારે બહારવટિયા કોઈ ગામ ભાંગવા - લૂંટવા આવતાં પહેલાં ગામને જાસા ચિઠ્ઠી - જાસો મોકલી જાણ કરતા... એ એમની ખાનદાની હશે.. અત્યારે રેડ અંકલે ય એક પ્રકારે અમને 'જાસો' જ આપ્યો હતો ને ! સવારે અચાનક એટેક કરીને અમને ઢસડી જવાના બદલે આટલી આગોતરી જાણ કરી એ અંકલની ખાનદાની જ કહેવાય ને !! પણ 'કયાં જવાનું છે ? કેમ જવાનું છે?' એનો કોઈ ફોડ પાડ્યા વિના 'તૈયાર રહેજો' નો 'જાસો' મોકલનારા લાલાકાકા ગયા ભવમાં જરૂર કોઈ બહારવટિયા ટોળીના સભ્ય કે સરદાર શે એવો (કુ)વિચાર અમારાથી થઈ ગયો...

પણ પછી અમારી દશાને દિશા બદલાઈ ગઈ... ટી.વી. જોવામાંથી અમારો રસ ઉડી ગયો. મન ચકરાવે ચઢ્યું : અંકલ કેટલા વાગે આવશે ? કયાં જવાનું હશે ? કોઈ સ્પષ્ટતા કરી નથી તો કેવા કપડાં પહેરવાં ? વગેરે પ્રશ્નાર્થે મગજને ઘેરી લીધું... જે હશે ને થશે તે સવારે જોયું જશે કહી મનને શાંત પાડવા પ્રયત્ન કરી જોયો પણ એમાં સરિયાળ નિષ્ફળતા મળતા અમે રેડ અંકલને મોબાઈલ જોડ્યો.

લાંબી રીંગ વાગ્યા પછી, કાકાએ 'હલ્લો' બોલી હુમલો કર્યો : 'પનુભાઈ...'

સવારે રેડી રહેજો... હોં...

'એક મિનિટ અંકલ.... સવારે આપણે કયાં જવાનું છે તે તો જણાવો... ' અમે અધીરાઈથી પૂછ્યું.

'યાર, હું તમને જેલમાં નથી લઈ જવાનો.... વિશ્વાસ રાખો. કોઈ ખોટી જગ્યાએ કે ખોટા ખોટા કામ માટે તો નહીં જ લઈ જાઉં એની ખાતરી રાખજો.'

'એમ નહીં પણ અંકલ, કયા કયા પ્રસંગમાં જવાનું છે એ ખબર હોય તો એને અનુરુપ કપડાં પહેરુંને....'

'ગમે તે કપડાં પહેરજો, પનુભાઈ પણ પહેરજો ખરા...' કહીને અંકલ એમની જ મારેલી પીસી - પુઅર કોમેન્ટ પર ખખડી ઊઠ્યા...

અમે અકળાઈને કહ્યું : 'અંકલ, જો તમે સ્પષ્ટતા નહીં કરો તો અમારે સવારે નથી આવવું.'

'પનુભાઈ, એમ અકળાઈને રિસાઈ ના જાવ... કાલે હું તમને જલસો કરાવવા લઈ જવાનો છું...'

જલસો કરાવવા અને એય પાછા લાલાકાકા કરાવે એ વાતમાં માલ નથી. કંઈક બારોબાર હશે એવું તો અમને અંકલની મફતિયા મેન્ટાલિટીના પૂરા પરિચિયના કારણે સમજાઈ ગયું. અમે પ્રશ્ન કર્યો : 'જલસો કરાવવા એટલે, અંકલ ?'

'પનુભાઈ, હું તમને કાલે 'મેંગો મહોત્સવ'માં કેરીનો રસ પીવા લઈ જવાનો છું...' અંકલે વધાઈ ખાધીને અમને સમજાયું કે નગરમાં શરૂ થઈ રહેલા 'મેંગો મહોત્સવ'માં આમ રસ પીવાની સ્પર્ધા થવાની છે એ ન્યૂઝ વાંચીને કાકાએ આ 'જલસો' કરવાનો પ્લાન કર્યો છે...

'પનુભાઈ, આપણે જઈશું.... દેશભરની હજારો પ્રકારની કેરીઓ જોઈશું - એની સુગંધ માણીશુ ને પાછા કેરીનો રસ પીવાની હરિફાઈમાં જોડાઈ પીવાય એટલો કેરી રસ પીવાનો જલસો કરીશું, રાઈટ ?'

'પણ અંકલ, સ્પર્ધામાં આપણે કયાં ટકવાના ?'

'તે ટકીને જીતવું ય કોને છે, મારા ભાઈ... આપણે તો મફતિયા રસ પીને આ સીઝનમાં નહીં ખાવા મળેલા કેરીના રસની કસર પૂરી કરવી છે... માટે સવારે રેડી રહેજો....' કહી કાકાએ ફોન પટ દઈને કટ કરી દીધો...

હવે અમને રેડ અંકલની સવારે અમને લઈ જવાનો મતલબ અમારા સ્કૂટર ઉપર મફતિયા સવારી કરી, મેંગો મહોત્સવની મુલાકાત લેવાની અને અખબારના કોઈ ખૂણે 'કેરીનો રસ પીવાની સ્પર્ધા' ના ન્યૂઝ મુજબ કેરીનો રસ પીવાની કોમ્પિટિશનમાં ઝુકાવી રસની મોજ માણવાની આખી ગેઈમ સમજાઈ ગઈ....

ત્યાં ફરી અંકલનો ફોન આવ્યો....

'હાં, અંકલ...'

'પનુભાઈ, એકલો રસ કેટલો પીવાય ? તે વચ્ચે વચ્ચે ખાવા તમે તીખી સેવ કે ફૂલવડી કે એવું કંઈ લેતા આવજો. હોં....'

અમે અંકલની બધુ બારોબાર ને મફત પતાવવાની હોંશિયારી જોઈ અમારું કપાળ કૂટ્યું !!